# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઉત્તર કર્ણાટકના કારવારમાં INS કદંબ નૌકાદળ મથકની મુલાકાત લેશે

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે

4) સરકારે 44 હજાર 700 કરોડ રૂપિયાના બે મુખ્ય જહાજ નિર્માણ યોજના માટે સંચાલન માર્ગદર્શિકા જારી કરી

5) મ્યાનમારમાં સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે મતદાન

6) ભારત અને શ્રીલંકા વચ્ચે આજે મહિલા ક્રિકેટમાં ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ રમાશે

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 129મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃપ્રસારણ કરાશે.

# PM-CHIEF SECRETARIES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં મુખ્ય સચિવોના પાંચમા રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે. તેમણે ગઈકાલે પણ આ બેઠકની અધ્યક્ષતા કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે પરિષદમાં તેમણે વહીવટ અને સુધારા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. ત્રણ દિવસીય પરિષદ શુક્રવારથી શરૂ થઈ હતી.

સાંભળીએ એક અહેવાલ....

**V/C – દીપેન્દ્ર કુમાર**

# PRESIDENT-KARNATAKA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઉત્તર કર્ણાટકના કારવારમાં INS કદંબ નૌકાદળ મથકની મુલાકાત લેશે. તેઓ ગોવાથી કારવાર નૌકાદળ મથક જશે, જ્યાં કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત અને રાજ્યના મંત્રીઓ તેમનું સ્વાગત કરશે. રાષ્ટ્રપતિ કારવાર બંદરથી સબમરીન દ્વારા મુસાફરી કરશે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે અગાઉ 2006માં વિશાખાપટ્ટનમમાં સબમરીન દ્વારા મુસાફરી કરી હતી.

રાષ્ટ્રપતિની મુલાકાતને કારણે કારવારથી માજાલી સુધીના 18 કિલોમીટરના દરિયાકાંઠાના વિસ્તારમાં માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ભારતીય વાયુસેનાના બે ફાઇટર વિમાનો ઉડાડનારા દેશના પ્રથમ રાષ્ટ્રપતિ છે. તેમણે આ વર્ષે 29 ઓક્ટોબરે રાફેલમાં અને 2023માં સુખોઈ-30 MKIમાં ઉડાન ભરી હતી.

# AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહ મંત્રી આજે તેમના ગુજરાતનાં પ્રવાસ દરમિયાન ઇંડિયન મેડિકલ એશોશિએશન દ્વારા આયોજિત IMA નેટકોન 2025માં ભાગ લેશે. બાદમાં AMC દ્વારા નિર્મિત ડ્રેનેજ પાઇપલાઇન અને એસજી હાઈ વેના પ્રથમ તબક્કાના પાઇલટ પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. ઉપરાંત નવા વણઝરના અસરગ્રસ્ત પરિવારને સનદ અર્પણ કરશે. તેઓ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત યુવા બિઝનેસ મહાસમેલન 2025ના ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેશે. ત્યારબાદ તેઓ

મનિપુરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ નમોત્સવમાં ઉપસ્થિત રહેશે

# SC-SUO MOTO-ARAVALLI

સુપ્રીમ કોર્ટે અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યામાં તાજેતરમાં થયેલા ફેરફારથી ઉભી થયેલી ચિંતાઓ અંગે સ્વતઃ નોંધ લીધી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જે.કે. મહેશ્વરી અને એ.જી. મસીહની બનેલી વેકેશન બેન્ચ આવતીકાલે આ મુદ્દા પર સુનાવણી હાથ ધરશે.

અરવલ્લી પર્વતમાળાની પુનઃવ્યાખ્યા પર ઉગ્ર વિરોધ અને વાંધાઓને પગલે સર્વોચ્ચ અદાલતે હસ્તક્ષેપ કર્યો છે.. સ્વીકૃત વ્યાખ્યા હેઠળ, અરવલ્લી પર્વતમાળામાં સ્થાનિક રાહતથી 100 મીટરની ઓછામાં ઓછી ઊંચાઈ ધરાવતા ચોક્કસ જિલ્લાઓમાં કોઈપણ ભૂમિ સ્વરૂપ, સહાયક ઢોળાવ અને જોડાયેલ ભૂમિ સ્વરૂપોનો સમાવેશ થાય છે. પર્યાવરણીય સંગઠનો અને નાગરિકોના જૂથોએ ચેતવણી આપી છે કે વ્યાખ્યામાં ઘટાડો કરવાથી આ પ્રદેશમાં ખાણકામ અને બાંધકામ પ્રવૃત્તિઓને કાયદેસર બનાવી શકાય છે, જેના પરિણામે ઇકોસિસ્ટમને નુકસાન થઈ શકે છે.

ગેરકાયદે ખાણકામના પગેલ આ વિવાદ દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં અરવલ્લી પર્વતમાળાઓ અને પર્વતમાળાઓની વ્યાખ્યામાં લાંબા સમયથી ચાલતી વિસંગતતાઓથી ઉદ્ભવ્યો છે. આ મુદ્દાઓને ઉકેલવા માટે, સુપ્રીમ કોર્ટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી હતી અને આ વર્ષે નવેમ્બરમાં

**ખાણકામ પ્રવૃત્તિઓના નિયમન માટે સમિતિ દ્વારા ભલામણ કરાયેલ કાર્યકારી વ્યાખ્યાને સ્વીકારીને ચુકાદો આપ્યો હતો.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MORN. SONOWAL – SHIPBUILDING

**સરકારે 44 હજાર 700 કરોડ રૂપિયાના બે મુખ્ય જહાજ નિર્માણ પ્રોજેક્ટ્સ માટે સંચાલન માર્ગદર્શિકા જારી કરી છે. આ પ્રોજેક્ટ્સનો હેતુ ભારતની સ્થાનિક જહાજ નિર્માણ ક્ષમતા વધારવાનો અને દેશની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં સુધારો કરવાનો છે. આ પ્રોજેક્ટ્સ જહાજ નિર્માણ નાણાકીય સહાય યોજના અને જહાજ નિર્માણ વિકાસ યોજના છે.**

**બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે આ માર્ગદર્શિકા એક સ્થિર અને પારદર્શક માળખું બનાવશે, સ્થાનિક જહાજ નિર્માણ ક્ષમતામાં સુધારો કરશે. તેમણે ઉમેર્યું હતું કે આનાથી મોટા પાયે રોકાણ શક્ય બનશે અને વિશ્વ કક્ષાની ક્ષમતાઓનું નિર્માણ થશે. શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર**

મોદીના નેતૃત્વએ ભારતના જહાજ નિર્માણ ક્ષેત્ર માટે નિર્ણાયક નીતિગત પુનર્ગઠન હાથ ધર્યું છે. તેમણે જણાવ્યું હતું કે બંને યોજનાઓ 31 માર્ચ 2036 સુધી માન્ય રહેશે.

જહાજ નિર્માણ નાણાકીય સહાય યોજના હેઠળ કુલ 24 હજાર 736 કરોડના ભંડોળ સાથે સરકાર જહાજ શ્રેણીના આધારે પ્રતિ જહાજ 15 ટકાથી 25 ટકા સુધીની નાણાકીય સહાય પૂરી પાડશે.

19 હજાર 989 કરોડના બજેટ ખર્ચ સાથે જહાજ નિર્માણ વિકાસ યોજના લાંબા ગાળાની ક્ષમતા અને કૌશલ્ય નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ યોજના ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટરોના વિકાસ, હાલના બ્રાઉનફિલ્ડ શિપયાર્ડ્સના આધુનિકીકરણ અને સંશોધન, ડિઝાઇન, નવીનતા અને કૌશલ્ય વિકાસને ટેકો આપવા માટે ભારતીય મેરીટાઇમ યુનિવર્સિટી હેઠળ ભારતીય જહાજ ટેકનોલોજી કેન્દ્રની સ્થાપના માટે પ્રદાન કરે છે.

# ZELENSKY-TRUMP MEET

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી આજે ફ્લોરિડામાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. રશિયા અને યુક્રેન વચ્ચે તણાવ વધી રહ્યો છે અને અમેરિકા આ ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત કરવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. બંને નેતાઓ 20-મુદ્દાની શાંતિ યોજના અને સંભવિત અમેરિકા સુરક્ષા ગેરંટીઓ પર ચર્ચા કરશે. શ્રી ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે યુક્રેનિયન વહીવટીતંત્ર અમેરિકા સાથે સમૃદ્ધિ માટે લાંબા ગાળાની યોજના પર કામ કરી રહ્યું છે. દરમિયાન, ગઈકાલે યુક્રેનની રાજધાની કિવ પર થયેલા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા બે લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ હુમલાથી શહેરના મોટા ભાગોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

ફ્લોરિડા જતા શ્રી ઝેલેન્સ્કીએ ગઈકાલે કેનેડાના હેલિફેક્સમાં કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની સાથે મુલાકાત કરી. બેઠક દરમિયાન શ્રી કાર્નેએ યુક્રેન માટે એક અબજ 82 કરોડ અમેરિકાન ડોલરની નવી આર્થિક સહાયની જાહેરાત કરી.

આ દરમિયાન, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન પર શાંતિપૂર્ણ ઉકેલ શોધવામાં ઢીલાશ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે જો વાટાઘાટો દ્વારા સંઘર્ષનો ઉકેલ ન આવી શકે, તો રશિયા બળ દ્વારા તેના ઉદ્દેશ્યોને આગળ ધપાવવાનું ચાલુ રાખશે.

## MYANMAR POLL

મ્યાનમારમાં સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે મતદાન થશે. ત્રણ તબક્કાની ચૂંટણીનો બીજો તબક્કો 11 જાન્યુઆરી અને ત્રીજો 25 જાન્યુઆરીએ યોજાશે. 2021માં સૈન્ય દ્વારા નોબેલ પુરસ્કાર વિજેતા આંગ સાન સુ કીની સરકારને ઉથલાવ્યાના પાંચ વર્ષ બાદ આ ચૂંટણીઓ યોજાઈ રહી છે. દેશના 330 મતવિસ્તારોમાંથી 102 મતવિસ્તારોમાં આજે મતદાન થવાનું હતું, પરંતુ તેમાંથી 56 મતવિસ્તારોમાં મતદાન રદ કરવામાં આવ્યું છે.

સૈન્યએ 2020ની ચૂંટણીમાં વ્યાપક મતદાર નોંધણી અનિયમિતતાનો દાવો કરી પહેલી ફેબ્રુઆરી 2021 ના રોજ સત્તા કબજે કરી હતી. છ પક્ષો ચૂંટણી લડી રહ્યા છે. રાષ્ટ્રીય વિધાનસભાના બંને ગૃહો અને રાજ્ય અને પ્રાદેશિક વિધાનસભાઓમાં અગિયારસોથી વધુ બેઠકો માટે પાંચ હજારથી વધુ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. આંગ સાન સુ કી અને તેમનો પક્ષ ચૂંટણીમાં ભાગ લઈ રહ્યો નથી.

સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર 2021ના બળવા બાદ મ્યાનમારમાં થયેલા સંઘર્ષમાં અંદાજે નેવું હજાર લોકો માર્યા ગયા છે અને 35 લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

## WOMEN'S CRICKET - IND VS SA

ભારત અને શ્રીલંકા વચ્ચે આજે મહિલા ક્રિકેટમાં ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ રમાશે. આ મેચ આજે સાંજે સાત વાગ્યે કેરળના તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થશે. હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળ ભારત પાંચ મેચની શ્રેણી 3-0થી જીતી ચૂક્યું છે. શ્રેણીની પાંચમી મેચ મંગળવારે આ જ મેદાન પર રમાશે.

---------------------------------------------------------------------------------

# અને હવે આજના અખબારોના સમાચાર રજૂ છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે..
- નવગુજરાત સમય પ્રથમ પાને લખે છે અમેરિકામાં બરફનું ભીષણ તોફાન ક્રિસમસની ઉજવણીની મજા રોળાઈ...
- ગુજરાત સમાચારની હેડલાઈન છે અમેરિકામાં તોફાની બરફ વર્ષા, 2100 ફ્લાઈટ રદ..... ટ્રેનની ઝડપ પ્રતિ કલાક 700 કિ.મી. ચીને સફળ પ્રયોગ કરી રેકોર્ડ સર્જ્યો...
- દિવ્ય ભાસ્કર લખે છે ...ડોનાલ્ડ ટ્રમ્પ હવે પાકિસ્તાનને બુલેટ ટ્રેન એન્જિન આપશે, 3 શરત પણ મૂકી...
- ફૂલછાબ પહેલા પાના પર લખે છે ચિનાબ નદી પર બીજા પ્રોજેક્ટને ભારતની મંજૂરી....